# મહાતપસ્વી હંસરત્નવિજયજી મહારાજનો ગુણરત્ન સંવત્સર તપ મહોત્સવ સંપન્ન

## મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ૫૦૦થી વધારે સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૯

પરમ પૂજ્ય આચાર્ય વિજયભુવન ભાનુસૂરીસ્વરજી મહારાજના શિષ્યરત્ન દિવ્ય તપસ્વી પરમ પૂજ્ય પંન્યાસ શ્રી હંસરત્નવિજયજી મહારાજાના અભૂતપૂર્વ ગુણરત્ન સંવત્સર તપનો પૂર્ણાહુતિ અને પારણાં પ્રસંગ બાન્દરા સ્થિત, એમએમઆરડીએ ગ્રાઉન્ડમાં અલૌકિક ભવ્યતા અને જાજરમાન આયોજન વચ્ચે સંપન્ન થયો હતો. ન્યાય વિશારદ, વર્ધમાન તપોનિધિ પરમપૂજ્ય આચાર્ય શ્રી





ભુવનભાનુસૂરિ મહારાજ સાહેબ, તપાગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ, ગીતાર્થ મર્ધન્ય ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય શ્રી જયઘોષસૂરિ મહારાજ સાહેબના આશીર્વાદ સાથે ૫૦૦થી વધારે સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં ઉજવાયેલા આ અનન્ય અવસરે બીકેસી ગ્રાઉન્ડ માનવ મહેરામણથી છલકાઈ ગયો હતો. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેવા સાથે પૂજ્યશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. ઉપરાંત દેશ-વિદેશના અનેક સંઘો તથા સંસ્થાઓના અગ્રણીઓ, મુંબઈના ૫૦૦થી વધારે જૈન સંઘોના આગેવાનો, ટ્રસ્ટીઓ અને સકળ શ્રી સંઘનાં હજારો શ્રાવક-શ્રાવિકાઓએ આ ઘટનાના સાક્ષી બનીને ધન્યતા અનુભવી હતી. ૧૯૩ આરાધકોએ છેલ્લા ૧૬ ઉપવાસની સાધના પૂજ્યશ્રી સાથે કરી હતી.

ગુરુવંદન પછી પરમ પૂજ્ય આચાર્ય શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે મંગલાચરણ કર્યું હતું. ત્યાર પછી વડોદરાના યતીનભાઈ અને સાથીઓએ મનમોહક સ્વાગત નૃત્ય રજૂ કર્યું હતું. પછી વડોદરાના બાળ કલાકાર શિવમે સ્વાગત ગીત રજૂ કર્યં હતું. પરમ પૂજ્ય આચાર્ય શ્રી રાજ્યસૂરીસ્વરજી મહારાજ સાહેબ, સતાવધાની પૂજ્ય મુનિરાજ શ્રી અજિતચંદ્ર સાગરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિનમ્રસાગરજી મહારાજે રસાળ વાણીમાં પ્રાસંગિક પ્રવચનો ફરમાવ્યા હતા જેણે ઉપસ્થિત મેદનીને રસતરબોળ કરી દીધા હતા.

તમામ ગુરુભગવંતો, મહાનુભાવો અને ભાવિકોનું ઉદ્‌બોધન કરીને તેમણે કહ્યું હતું કે, 'તમામ રાજસત્તા ધર્મસત્તાના બળે જ આગળ વધે છે. દરેક પ્રકારની સત્તાના સંચાલનમાં નૈતિકતાનો પાયો અતિ મહત્વનો છે. ભારતીય સંસ્કૃતિના અભિન્ન અંગ સમાન નૈતિકતાની જ જૈનધર્મના સૌ ગુરુભગવંતોએ, તેમની સાધનાએ ભાવિકોને સંયમી જીવન જીવવાની પ્રેરણા આપી છે.

# આજે ડભોડીયા હનુમાનજી મંદિરે લોકમેળો





(તસવીર : નટુભાઈ પટેલ)

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે સુપ્રસિધ્ધ હનુમાનજીનું મંદિર આવેલું છે. આ મંદિર ૧૦૦૦ વર્ષ પુરાણું હોવાનું આસપાસના ગ્રામજનો જણાવી રહ્યા છે. ગાંધીનગર તેમજ આસપાસના જિલ્લામાંથી પણ ભકતો આ મંદિરે દર્શનાર્થે આવે છે. આ મંદિર ભકતોમાં આસ્થાનું પ્રતિક સમાન છે ત્યારે દિવાળીના દિવસો ધનતેરસ અને કાળીચૌદશના દિવસે ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. કાળીચૌદશના દિવસે ભકતો દ્વારા ૧૦૦૦થી વધુ તેલના ડબાનો અભિષેક કરવામાં આવે છે. આ વર્ષે ૧૦૮ દિવડાની વિશેષ આરતી પણ યોજાશે. આ પ્રસંગે લાખો ભાવિકો હાજર રહી દર્શન કરી ધન્યતા અનુભવશે.

ગાંધીનગર જિલ્લાનું ડભોડા ગામે આવેલું હનુમાન દાદાનું મંદિર સુપ્રસિધ્ધ છે. ગ્રામજનો તેમજ દર્શનાર્થે આવતા ભાવિકો ડભોડીયા હનુમાન દાદા તરીકે પણ ઓળખે છે. મંગળવાર અને શનિવારના રોજ વર્ષ દરમિયાન ભકતોની ભારે ભીડ જોવા મળે છે. દાદાના દર્શન કરી ભકતો ધન્યતા અનુભવે છે. કાળીચૌદશના દિવસ દાદાના દર્શને મોટી સંખ્યામાં ભકતો આવતા મેળાનો માહોલ જોવા મળે છે તેમજ આ દિવસે વિશેષ પૂજા અર્ચના કરવામાં આવે છે. આ વર્ષે પણ ૧૦૮ દિવડાની વિશેષ આરતી કરવામાં આવશે. હાથવગા દેવ હનુમાનજીને ભકતો દ્વારા ૧૦૦૦થી વધુ તેલના ડબાનો અભિષેક કરાશે તેમજ સુખડી, સિંદુર, શ્રીફળ, અગરબત્તી તેમજ આકડાની માળા અર્પણ કરાશે.

આ વર્ષે મહાઆરતીનું સંદેશ ન્યુઝ દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવશે. ધનતેરસના રાત્રીના બાર વાગ્યાથી કાળી ચૌદશના રાત્રીના બાર વાગ્યા સુધી લોકમેળો યોજાશે તેમજ મહાઆરતી બાદ મંદિરના દ્વાર ખુલશે. દાદાના દર્શને આવનાર ભકતોના ધસારાને લઈ સરકારી તંત્ર અને મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ડભોડીયા હનુમાન દાદાના મંદિરે કાળીચૌદશના દિવસે દર્શન કરી ભકતો ધન્યતા અનુભવશે.

## ભાઈબીજના દિવસે તેજાનંદ સ્વામીની જન્મજયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૯

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી તેજાનંદ સ્વામીની જન્મજયંતી કાર્તિક સુદ-૨ ભાઈબીજના રોજ ઉજવવામાં આવશે. આ નિમિત્તે પુજયશ્રી તેજાનંદ સ્વામીની જન્મ જયંતીની ઉજવણીનો કાર્યક્રમ તથા સંવત ૨૦૭૨ના નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારોહનું આયોજન સવારે નવ વાગે શ્રી તેજાનંદ ધામ બ્લોક નં. ૨૬૬ આઈટીઆઈ સામે આરસોડીયા, તા. કલોલમાં યોજાશે તેમ શ્રી ગિરિશભાઈ જી. પંડયાએ જણાવેલ છે.



સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ સંદર્ભે પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ પત્રકાર પરિષદ યોજી હતી. પત્રકાર પરિષદમાં કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી સંદર્ભે માહિતી આપી હતી.

## ભાજપમાં ઉમેદવારોની પસંદગી મામલે મતભેદ

અમદાવાદ જીલ્લા ભાજપ પ્રમુખ કમાભાઈ રાઠોડ અને દસકોઈના ધારાસભ્ય બાબુ જમનાદાસ પટેસ વચ્ચે જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ઉમેદવારીની પસંદગીના મુદ્દે મતભેદો સર્જાયા છે. ધારાસભ્યના સમર્થકોની અમદાવાદ કોર્પોરેશનમાંથી બાદબાકી કરાઈ છે. જેમાં રામોલ વોર્ડના કોર્પોરેટર પારુલ પટેલ, વસ્ત્રાલ વોર્ડના રમેશ પટેલ, દક્ષાબહેન પટેલ, બંસીલાલ પ્રજાપતિની બાદબાકી રાજયના કાયદાપ્રધાન પ્રદિપસિંહ જાડેજાએ વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કરી છે.

# ગુજરાતમાંથી બુકિંગમાં ૨૬ ટકા સુધીનો નોંધપાત્ર વધારો

## ટુરિઝમ સેક્ટરમાં જોરદાર તેજીનો માહોલ

અમદાવાદ, તા.૦૯

દિવાળી વેકેશનની શરૂઆત થઈ ચુકી છે ત્યારે ગુજરાતી લોકો જુદા-જુદા પ્રવાસ ઉપર ઉપડી ગયા છે. કેટલાક લોકો વિદેશમાં પણ ઉપડી ગયા છે. જ્યારે કેટલાક લોકો પ્રવાસની તૈયારીમાં છે. દિવાળી આવતાની સાથે જ ૭થી ૮ દિવસની રજા આવી જાય છે. આ વર્ષે સળંગ ૮ રજા આવી રહી છે. જેથી કોરીયા અને ભુતાન સહિતના દેશોમાં પણ જવાની ગણતરી કેટલાક લોકો કરી રહ્યા છે.

જાણકાર લોકોનું કહેવું છે કે, ગોલ્ડ જ્વેલરી અને કોર્પોરેટ ગિફ્ટીંગના કારોબારમાં મંદી જોવા મળી રહી છે. આ તહેવારની સીઝનમાં લોકો આને ઓછું મહત્વ આપી રહ્યા છે. પરંતુ ટુરીઝમ સેક્ટરમાં જોરદાર તેજી જોવા મળી રહી છે. ટુરીઝમ સેક્ટરમાં તેજી માટેના સંકેત આનાથી જ મળી જાય છે કે, ગયા વર્ષની સરખામણીમાં પ્રવાસ બુકિંગમાં ઉલ્લેખનીય વધારો નોંધાયો છે. બુકીંગની દષ્ટિએ ગુજરાતમાંથી ૨૬ ટકાનો વધારો થઈ ચુક્યો છે. બુકિંગમાં ઉલ્લેખનીય વધારો નોંધાતા ટુરિઝમ સાથે જોડાયેલા લોકો ખુશ દેખાઈ રહ્યા છે. માત્ર અમદાવાદમાંથી જ નહીં બલ્કે મિની મેટ્રો ગણાતા વડોદરા, સુરત અને રાજકોટમાંથી પણ મોટી સંખ્યામાં બુકિંગમાં વધારો થઈ રહ્યો છે. તાજેતરનો પ્રવાહ જોતા ગુજરાતી લોકો હાલમાં ભુતાન, તુર્કી, કોરીયા, સેશલ્સ જેવા દેશોમાં પણ જઈ રહ્યા છે. બેંગકોક, દુબઈ જેવા સ્થળો પહેલાથી જ હોટફેવરીટ છે. જોકે આ વર્ષે ચાઈના અને થાઈલેન્ડના આંતરીક વિસ્તારો માટે પણ બુકિંગ થયું છે. આવી સ્થિતિમાં ઈન્ટરનેશનલ ટુરિઝમમાં વધારો જોવા મળી રહ્યો છે. આ સ્થળો નવા નથી. પરંતુ અહીં જવાનું સસ્તુ થયું છે તેમ કેટલાક લોકોનું કહેવું છે. જ્યારે ભારતમાં જે સ્થળો ફેવરીટ છે તેમાં કેરળ, રાજસ્થાનનો સમાવેશ થાય છે.

## સંસ્કાર ગ્રુપનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૯

સંસ્કાર ગ્રુપ દ્વારા આગામી તા. ૧૨ નવેમ્બરના રોજ સવારે ૬.૪૫ કલાકે સેક્ટર-૭ના બગીચા, સુવિધા કચેરી પાસે નૂતન વર્ષના દિવસે સ્નેહમિલન સમારોહ યોજાશે. જેમાં ગ્રુપના પ્રમુખ તુષારભાઈ દવે દ્વારા બાળકો અને સભ્યોને શુભેચ્છાઓ પાઠવશે. ત્યારબાદ ગ્રુપના બાળકો અને સભ્યો ગુજરાત રાજયના મુખ્યમંત્રી તથા રાજયપાલની મુલાકાત લેવા જશે.

# ચૂંટણીના પગલે જીટીયુ પરીક્ષા પાછી ઠેલાઈ

## જીલ્લા કલેક્ટરના આદેશના પગલે જીટીયુ સત્તાવાળાઓ દ્વારા અતિમહત્વપૂર્ણ નિર્ણય કરાયો : વિદ્યાર્થીને વધુ તક

અમદાવાદ, તા.૯

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ)ની ૩૦મી નવેમ્બરથી શરૂ થનારી ડિપ્લોમા-ડિગ્રી ઈજનેરીની વિવિધ સેમેસ્ટરની પરીક્ષા કોલેજોના મકાનો ચૂંટણીલક્ષી કામગીરીમાં રોકાયેલા હોવાથી પાછી ઠેલવાનો નિર્ણય લેવાયો છે. આ પરીક્ષા ચોથી ડિસેમ્બરથી શરૂ થશે. જિલ્લા કલેક્ટરોના આદેશને પગલે જીટીયુ સત્તાવાળાઓએ આ નિર્ણય કર્યો હોવાથી વિગતો મળી છે. જીટીયુ સાથે સંકળાયેલ રાજયભરની આશરે ૪૫૦ કોલેજોમાં આશરે પાંચ લાખ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. રાજયની કેટલીક કોલેજોમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોલેજોના મકાનોનો સ્ટ્રોંગરૂમ તરીકે ઉપયોગ કરવામાં આવનાર છે. જે અંતર્ગત અહીં ઈવીએમ મશીન મૂકવાથી માંડીને, મતગણતરીની પ્રક્રિયા સહિતની ચૂંટણીલક્ષી કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેના પગલે ૩૦મી નવેમ્બરથી શરૂ થનારી ડિપ્લોમાં ઈજનેરી-ડિગ્રી ઈજનેરી વિદ્યાશાખાના વિવિધ સેમેસ્ટરના વિદ્યાર્થીઓની પરીક્ષાઓની તારીખોમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. જીટીયુના સત્તાવાળાઓને કેટલાક જિલ્લાઓના જિલ્લા કલેક્ટર દ્વારા પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવાનો આદેશ આપ્યો હતો. જેના પગલે જીટીયુના ઉચ્ચ સત્તાવાળાઓની બેઠક મળી હતી. જેમાં સર્વાનુમતે પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તે હેતુસર પ્રથમ વર્ષ ડિપ્લોમાં-ડીગ્રી ઈજનેરી શાખાની તારીખ બદલાઈ છે. જે અંતર્ગત ૧૦૦થી વધુ ડિપ્લોમાં ઈજનેરી વિદ્યાશાખાના ૩,૪,૫,૬ સેમેસ્ટરના આશરે એક લાખ કરતા વધુ વિદ્યાર્થીઓને ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં પરીક્ષા આપવી પડશે. પરીક્ષા વિભાગે પ્રથમ વર્ષ ડિપ્લોમાં અને ડિગ્રી ઈજનેરી વિદ્યાશાખાની વિવિધ સેમેસ્ટરની પરીક્ષાઓની તારીખ પાછી ઠેલવાનો નિર્ણય લીધો છે. આ સુધારેલા પરીક્ષાના કાર્યક્રમની વિગતો આવતા અઠવાડિયે જીટીયુની વેબસાઈટ પર મૂકવામાં આવનાર છે.

## ફટાકડાની માંગમાં નોંધપાત્ર ઘટાડો થયો : ભાવમાં વધારો

અમદાવાદ, તા. ૯

દિવાળી ઉપર ફટાકડાઓનો વિશેષ ક્રેઝ રહે છે. મોટાપાયે ફટાકડાઓની ખરીદી બાળકો અને મોટી વયના લોકો દ્વારા કરવામાં આવી રહી છે. આ વર્ષે ફટાકડા માટેની માંગમાં ઘટાડો થઈ ચુક્યો છે. માન્ય લાઈસન્સ ધરાવનાર ફટાકડા એકમો દ્વારા પણ ઓછું વેચાણ કરવામાં આવ્યું છે. ચાઈનીઝ ફાયર વર્કર્સની આયાત ઉપર પ્રતિબંધની સાથે-સાથે માન્ય લાઈસન્સ ધરાવનાર એકમો વધ્યા હોવા છતાં ફટાકડાનું વેચાણ પ્રમાણમાં ઓછું રહ્યું છે.

આ દિવાળી ઉપર ફાયર ક્રેકર્સ અથવા તો ફટાકડાનું વેચાણ ઓછું થઈ રહ્યું છે. એપેક્સ ઈન્ડસ્ટ્રી બોડી એસોચેમ દ્વારા કરવામાં આવેલા નવા સર્વેમાં આ મુજબની વાત કરવામાં આવી છે. તેના કહેવા મુજબ ફટાકડાનું વેચાણ ઘટવા માટે કેટલાક કારણો જવાબદાર દેખાઈ રહ્યું છે.

# ક્યાંક રેફ્યુઝ ખાતાની ઓફિસ તો ક્યાંક ચોકીદાર પણ રહે છે

## બે આંગણવાડીમાં એક પણ બાળક નથી : આંગણવાડીનો ઉપયોગ કોર્પોરેશનના અંગત કામ માટે થાય છે : અહેવાલ

અમદાવાદ, તા.૯

અમદાવાદની બે આંગણવાડીઓની એવી અવદશા થઈ છે કે આ આંગણવાડીઓમાં એક પણ બાળક નથી પરંતુ આ આંગણવાડીનો ઉપયોગ કોર્પોરેશનનાં અંગત ઉપયોગમાં થઈ રહ્યો છે. રાજય સરકાર દ્વારા સૌ ભણે સૌ આગળ વધેના આશયથી સર્વ શિક્ષા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નારણપુરા વિસ્તારમાં આવેલા પ્રગતિનગર ગાર્ડનની સામે આવેલા કોમન પ્લોટમાં બે આંગણવાડીનાં મકાનનું બાંધકામ કરવામાં આવ્યું હતું. પરંતુ છેલ્લા એક વર્ષથી આ આંગણવાડીમાં એક પણ બાળકે શિક્ષણ પ્રાપ્ત કર્યું નથી. કોર્પોરેશને એક આંગણવાડીમાં રેફ્યુઝ વિભાગની ઓફિસ બનાવી છે તો બીજી આંગણવાડી ચોકીદારને રહેઠાણ માટે ફાળવી દીધી છે. જો કે આ આંગણવાડીમાં વિજળી અને પાણી જેવી તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં બાળકોને શિક્ષણનો અને પોષણયુક્ત આહારનો લાભ મળતો નથી. જો કે અત્યાર સુધી રફયુઝ વિભાગના અધિકારીઓને કોર્પોરેશન દ્વારા મકાન ન ફાળવતાં તેઓ ઝાડ નીચે ટેબલ રાખીને ઓફિસ ચલાવતાં હતાં. પરંતુ આંગણવાડીનું મકાન તૈયાર થતાં તેઓએ આ મકાનને પોતાની ઓફિસ બનાવી દીધી. તો બીજી તરફ આ કોમન પ્લોટમાં સમગ્ર પશ્ચિમ ઝોનમાં સાફ સફાઈ માટે ઉપયોગમાં આવતાં તમામ વાહનો અને કચરાપેટી રાખવામાં આવે છે. આ તમામ સાધન સામગ્રીઓની ચોરી ન થાય તે માટે બે ચોકીદાર મુકવામાં આવ્યા છે.

આ ચોકીદાર પણ હાલ આંગણવાડીમાં જ રહે છે. આમ ગરીબ બાળકો માટે તૈયાર કરવામાં આવેલી આંગણવાડીના મકાનને કોર્પોરેશન પોતાના અંગત કામ માટે ઉપયોગ કરી રહી છે. આંગણવાડીનો મુખ્ય હેતુ શહેર અને ગ્રામિણ વિસ્તારમાં રહેતા ગરીબ બાળકોને શિક્ષણની સાથે પોષણયુક્ત ખોરાક પુરો પડવાનું છે. આથી આંગણવાડીના મકાન બનાવવા માટે દર વર્ષે રાજય સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

## શિયાળુ સત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે. બીજીબાજુ વિરોધ પક્ષો લેખકો, ફિલ્મ નિર્માતાઓ, વૈજ્ઞાનિકો અને કલાકારો દ્વારા એવોર્ડ પરત કરવાને લઈને વિવાદ ઉઠાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. વિરોધ પક્ષો સરકારને ભીંસમાં લઈ શકે છે. દાદરી કાંડ જેવા મુદ્દા પણ ઉઠી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં જ દાદરી કાંડના ભાગરૂપે એકની ઘાતકી હત્યા કરી દેવામાં આવી હતી. અન્ય જે મુદ્દા છવાય તેમાં ત્રાસવાદની વધતી જતી ગતિવિધી, અસહિષ્ણુતાનો મામલો, આંતરીક સુરક્ષા, જીવન-જરૂરી ચીજવસ્તુના ભાવ, દેશની વિદેશનીતિ અને અન્ય સળગતા પ્રશ્નોનો સમાવેશ થાય છે. જોકે વિરોધ પક્ષો સૌથી લડાયક મૂડમાં દેખાઈ રહ્યા છે કારણકે બિહારમાં હાર બાદ એનડીએ દુવિધાભરી સ્થિતિમાં છે. જ્યારે વિરોધ પક્ષોમાં નવો જુસ્સો જોવા મળી રહ્યો છે.

## સુવિધાઓના નામે મીંડુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરી વિસ્તારના ગામોમાં જ દિવા તળે અંધારા જેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરી વિસ્તારના ગામો ધોળાકુવા ઈન્દ્રોડા પાલજ બોરીજ સહીતના ગામોમાં પાણી ગટર અને રસ્તા સહીતની સુવિધાઓના નામે મીંડુ ચિતરાયેલુ છે. વર્ષોના અંતે પણ આ ગામોમાં પ્રાથમિક જરૂરિયાત માટે માળખાગત સુવિધાના કામો થઈ શકયા નથી. અગાઉ હાથ ધરાયેલી ગટર લાઈનની કામગીરી પણ પુર્ણ થઈ શકી નથી. જયારે ગટરલાઈનની પર્યાપ્ત સુવિધાના અભાવ વચ્ચે ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ પણ તુટેલી હાલતમાં છે. ગ્રામ્ય વિસ્તારની ટોપોગ્રાફીના લીધે પણ પાણી ગટર લાઈનનુ કામ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. પરંતુ આ સઘળી સ્થિતિ વચ્ચે સ્થાનિક ગ્રામજનોએ પરેશાન થવાનો વારો આવ્યો છે. આ મામલે અનેકવાર વિભાગ કક્ષાએ રજુઆત કરવામાં આવી છે. પરંતુ તંત્ર દ્વારા વિભાગને કરવામાં આવેલી દરખાસ્તને પણ મંજુરી ન અપાતા ગ્રામ્ય વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો અટવાયેલા છે. જેના પરિણામે ગ્રામજનોમાં પણ રોષ પર્વર્તયો છે.

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**

NOTICE UNDER SECTION 260 (1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT-1989

APPLICATION NO. 67/99, 68/99, 69/99

(1) Alpesh Kothari (2) Shantilal Kothari (3) Kailas Kothari .... Applicant

V/s.

Mohd. Ayub Gulamnabi Menan ... Opponents

AND

Oriental Ins. Co. ...Insurer

To,
Mohd. Ayub Gulamnabi Menan
Add. Menan Colony, Himatnagar, Gujarat.

Where as per the Attached Application, Applicant have lodged Applocation Against you to claim compensation Under Section 166 & 140-A Of Motor Vehicle Act-1988 regarding the mentioned accident under section 165 clause (1) Of Motor Vehicle Act 1988. Therefore you should remain present in Court No. 07 on 5/12/2015 at 11.00 A.M. and show cause why compensation amount demanded by applicant should not be approved.

If you will fail to ramin present on above mention date then this court will considered that you have nothing to say about the compensation and the court will declared one sided judgement. Kindly note this.

This Notice issued today on 10/08/2015 with my signature and seal of the Judiciary Court.

Court Seal

By Order
Register
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai-400001.

**PUBLIC NOTICE**

Process Rs. Advocate : S.S. Shetty

5th District Judge, Thane
BEFORE THE COURT OF MEMBER,
MOTOT ACCIDENT CLAIMS
TRIBUNAL, THANE/ / AT : THANE

MACP NO. 540/01
EXH. NO. 27

Abdul Vafa Mohd. Ishak Khan
...Applicant
V/s
Mahendra Kumar Atmaram Jain...
Opponent
To,
Mahendra KumarAtmaram Jain
Jigighal Transport
32/312, Chamkermto Khejar, Shahpur, Ahmedabad, Gujarat.

Whereas the above named applicant has filed Accident Claims Applicaton for the compensation of Rs. 1,50,000/- in the Tribunal against you & others.

You are hereby given notice to appear in the Tribunal in person or by pleader duly instructed and to file your say on or before 23/11/2015 at 10:30 a.m. Falling which the said application will be heard in your absence and determined ex-parte.

Given under my hand and seal on this 13 day of October 2015.

Seal

Clerk,
MACT, Thane

By Order
Superintendent,
Motor Accident Claims
Tribunal, Thane
(Maharashtra)

**PUBLIC NOTICE**

Process Rs. Advocate : S.S. Shetty

5th District Judge, Thane
BEFORE THE COURT OF MEMBER,
MOTOT ACCIDENT CLAIMS
TRIBUNAL, THANE/ / AT : THANE

MACP NO. 807/07
EXH. NO. 19

Manju Banappa Koil... Applicant
V/s
New Shree Road line.... Opponent
To,
New Shree Road Line
Pare-Paresh N. Chandrani
Shop No. 3 Bhagwati Shankul Society,
National Highway No.8, Kabilpore,
Tal. Navsari

Whereas the above named applicant has filed Accident Claims Applicaton for the compensation of Rs. 5,00,000/- in the Tribunal against you & others.

You are hereby given notice to appear in the Tribunal in person or by pleader duly instructed and to file your say on or before 23/11/2015 at 10:30 a.m. Falling which the said application will be heard in your absence and determined ex-parte.

Given under my hand and seal on this 13 day of October 2015.

Seal

Clerk,
MACT, Thane

By Order
Superintendent,
Motor Accident Claims
Tribunal, Thane
(Maharashtra)